R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

If undelivered pl. return to;

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 09 DATE: 02-03-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-




## બીફ મટનના નામે ઘોડા અને ગધેડાનું માંસ,નેસ્લેએ પ્રોડકટ્સ બજારમાંથી પાછી ખેચી

હાલમાં યુરોપમાં હોટલોમાં કે અન્ય જગ્યાઓ પર જો તમે બીફ મટનની કોઈ વાનગી માંગો તો તમને બીફ મટનની જગ્યાએ ઘોડા કે ગધેડાના માંસની વાનગી પીરસી દેવામાં આવે છે.બહુ ઉહાપોહ થયા બાદ, રોમાનીયાની સરકારે કબુલ કર્યું છે કે તેઓએ ગત વર્ષે ૬૦૦૦ ટન ઘોડા અને ગધેડાનું માંસ એકસપોર્ટ કર્યું હતું.પરંતુ તેમના જણાવ્યા પ્રમાણે માંસ ના પેકેટ ઉપર એક્સપોર્ટ વખતે યોગ્ય સુચનાઓ લગાડવામાં આવી હતી.આ ઘોડા અને ગધેડાનું માંસ ૩૫ જેટલા રોમાનીયાના જુદા જુદા પ્લાન્ટોમાં પ્રોસસ કરવામાં આવ્યું હતું.જેમાં બોટોસમી ખાતે આવેલ ડોલી કોલ્મ પ્લાન્ટ નો પણ સમાવેશ થાય છે જે એક પ્રખ્યાત પ્લાન્ટ છે. આ પ્લાન્ટના મેનેજર લુલીયન કાઝાકટે જણાવ્યા પ્રમાણે કંપનીએ તેમની પ્રોડકટની ૧૦૦ ટકા ગુણવત્તા અને ઓરીજન બાબતે ચોકસાઈ જાળવી હતી. પરંતુ કેટલીક જગ્યાઓએ ઘોડા અને ગધેડાના માંસ ઉપરનું બીફનું લેબલ લગાડી દેવાયું હતું.તે ખરેખર તપાસનો વિષય છે.

બ્રિટશ ગ્રોસરી ચેઈન ટીસ્કો સ્ટોરના જણાવ્યા પ્રમાણે તેમણે હકીકત બહાર આવ્યા બાદ સેમ્પલ એકઠા કર્યા હતા અને તે પૈકીના ૬૦ ટકા સેમ્પલમાં ઘોડાનું માંસ મળી આવ્યું હતું.આ બાબત સ્વીકાર્ય નથી.તેથી તાત્કાલિક સેક્રટરી ઓફ સ્ટેટે મીટીંગ બોલાવી હતી.બ્રીટીશ વડાપ્રધાન કેમરુને આ બાબતે સંસદને સખ્ત ચકાસણી કરવા માટે ખાત્રી આપી હતી.તેમજ હોસ્પીટલ, સ્કુલ, પ્રીઝન વિગેરે જગ્યાઓએ આ સપ્લાય થયેલ સ્ટોકની તપાસણીા આદેશ જારી કરવામાં આવ્યા હતા.

બ્રિટનમાં પણ ફુડ સેફટી ઓથોરીટીએ નોર્થન ઈગ્લેન્ડ ખાતે ચાલતા કતલખાનાઓમાં તપાસ કરી હતી.જેમાં આ કતલખાનાઓના માલિકો ઘોડાનું માંસ, બર્ગર અને કબાબ બનાવવા માટે વેચતા હોવાનું જાણવા મળ્યું હતું.ઘોડા કે ગધેડાનું માંસ બીફના ના નામે વેચાણ કરવું તે સ્વીકારી શકાય જ નહી, અને તે અસ્વીકૃત બાબત બને છે.ખોરાકમાં માન્ય વસ્તુઓમાં ભળતી વસ્તુઓ સામેલ કરવી તે મોટો ગુનો ગણાય છે. આ બાબતે યુરોપીયન સરકાર ગંભીર પગલાં લેવા માટે કાર્ય કરી રહી છે.નેસ્લેની પ્રોડક્સમાં ઘોડાનું માંસ મળતાંની સાથે જ તેણે સ્પેન અને ઈટાલી ખાતેની પોતાની બીફ પાસ્તાની પ્રોડક્ટ પાછી ખેચી લીધી હતી.સાથે સાથે માર્કેટમાંથી પોતાની પ્રોડકટ પાછી ખેચવાની શરુઆત કરી દીધી છે.કંપનીએ દાવો કર્યો હતો કે ઘોડાનું માંસ વેચાતું નથી તો માંસના નમુના પકડાયા છે.સ્વાસ્થને ઘોડા તથા ગધેડાના માંસના ભક્ષણથી નુકશાન થાય છે તેવા કારણે તેઓએ પોતાની પ્રોડકટ બજારમાંથી પાછી ખેચવાની શરુઆત કરી દીધી છે.ખરેખર તો ગ્રાહકોને ખોટે માર્ગે દોરી પોતાની પ્રોડકટો વેચતી કંપની ઓ સામે સખ્ત પગલાં ભરાવા જોઈએ.જોકે યુરોપીયન માર્કેટમાં થયેલ ખુલાસા બાદ હડકંપ મચી જવા પામ્યો છે.કારણકે યુરોપીયન બજારમાં કામ કરતી જાણીતી કંપનીઓ પર છાંટા ઉડવાનો સંભવ છે જેની દુરોગામી અસરો ઉભી થઈ શકે છે.બિનશાકાહારીઓ માટે બનતી પ્રોડક્સમાં ડુક્કરની ચરબી અને માછલી ના તત્વો મેળવવા અંગે પણ ઉહાપોહ ચાલી રહ્યો છે.

## કઠલાલ તાલુકા પંચાયતની ચુંટણીમાં ખ્રિસ્તી ઉમેદવારની શાનદાર જીત



તાજેતરમાં તા. ૧૭.૨.૨૦૧૩ના રોજ સંપન્ન થયેલ કઠલાલ તાલુકા પંચાયતની ચુંટણીમાં કઠલાલ તાબાના ભાનેર ગામના વતની શ્રી રાજેશભાઈ ઈશ્વરભાઈ મહિડા, ભાજપના ક્ષત્રિય ઉમેદવારને હરાવીને જીત્યા હતા.કઠલાલ તાલુકાની ભાનેર-૪ બેઠક અંતગત ભાનેર, બાપુનગર, શંકરપુરા, મોતીપુરા, ધોધાવાડા, રઘુનાથપુરા, મોટા મુંવાડા,નાના મુંવાડા,સંધાલીની મુંવાડી, છાપરા,પીપરીયા તથા સુરતપુરા જેવા ક્ષત્રિય,તળપદા અને પટેલ બહુમતી ધરાવતા મત વિસ્તારમાં રાજેશભાઈને કોગ્રેસ તરફથી બેઠક ફાળવવામાં આવી હતી. જો કે આ વિસ્તારમાં ભાનેરને બાદ કરતાં અન્ય કોઈપણ ગામમાં કોગ્રેસની વોટબેંક તરીકે લેખાતા ખ્રિસ્તી અને મુસ્લીમ મતો ન હોવાથી રાજેશભાઈ તથા કોગ્રેસ માટે કપરા ચઢાણો હતા. પંરતું ગુજરાતમાં કોગ્રેસની મુળ તાકાત ગણાતો ક્ષત્રિય સમાજ પોતાના પક્ષ તરફ પાછા વળતાં રાજેશભાઈનો વિજય થયો હતો.

અત્રે એ નોધ લેવી રહી કે કઠલાલના રાજકીય ઈતિહાસમાં એક કેથોલિક ખ્રિસ્તી તરીકે સામાન્ય બેઠક પરથી કોગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષની ઉમેદવારી કરવાની કે વિજય બુંગલ ફુંકવાની આ પ્રથમ ઘટના છે. જેને લઈને તાબાના ખ્રિસ્તી સમાજના લોકો અનહદ આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવી રહ્યા છે.રાજુભાઈ ભાનેર(અંબિકા ઓટો કન્સલટંટ,કઠલાલ)ના નામે ઓળખાતા રાજેશભાઈ છેલ્લા બે દાયકાથી લોકસેવાના કામોમાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપવા ઉપરાંત વિવિધ ધર્મીઓ સાથે સુમેળભર્યા સબંધો વિકસાવવામાં સફળ રહ્યા છે.જેને કારણે તેમને આ જીત હાંસલ થઈ છે તેવું ઘણાનુ માનવું છે.રાજેશભાઈને ખુબ ખુબ અભિનંદન.

પ્રેષક : હસમુખ ક્રિશ્ચિયન. રૂદણ.

## પોપ બેનીડીક્ટએ રાજીનામું આપ્યું



પોપ બનીડીક્ટે જાહેર કર્યું હતું કે તેઓ આ મહિનાના અંતમાં પોતાના પદનો ત્યાગ કરશે.૮૫ વર્ષની ઉંમરના પોપે જણાવ્યું હતું કે તેઓ રોમન કેથોલીક ચર્ચ ના નેતા તરીકેનો રોલ ભજવવવા માટે એટલા યુવાન નથી.તેમણે કહ્યું હતું કે મે ઈશ્વરની સાથે સંગત કરી અને મને લાગ્યું કે મારી વધતી જતી ઉંમરને કારણે હું આ પદભાર સંભાળવાને માટે યોગ્ય બનતો નથી.આજના યુગમાં, ખુબજ ઝડપથી પરિવર્તન આવે છે.તેમજ એટલા બધા પ્રશ્નોનો સામનો કરવાનો આવે છે.જેમાં વિશ્વાસની કસોટી થાય છે.સંત પીટર અને તેમની સુવાર્તાને આગળ વધારવાને માટે જે શક્તિ અને બળ શરીર માટે જોઈએ તે છેલ્લા કેટલાક મહિનાઓથી મારામાં ઓછા થતા માલુમ પડ્યા છે.અને મને એવું લાગ્યું છે કે મને જે મીનીસ્ટ્રીની સોપણી કરવામાં આવી છે તે પુરી કરવામાં હું પોતાની જાતને નિર્બળ માની રહ્યો છું.તેથી આ પદનો મારે ત્યાગ કરવો પડે.૨૮મી ફેબ્રુઆરી,થી હું આ પદનો ત્યાગ કરીશ.૧૪૧૫માં પોપ ગ્રેગરીએ રાજીનામુ આપ્યા બાદ,પોપ બેનીડીક્ટ પ્રથમ પોપ છે જેઓ રાજીનામું આપીને પદનો ત્યાગ કરી રહ્યા છે.પોપના રાજીનામાના સમાચાર ફેલાતા લોકો તાજુબ બન્યા હતા. ધ ટેલીગ્રાફમાં લખતા દામીયન થોમ્પસને કહ્યું હતું કે કેથોલીકોને આ સમાચારથી ભારે આધાત લાગ્યો છે.અને મોટે ભાગે તેઓ આ બાબતમાં સંમત નથી.જો કે આ ઘટના ઉપરથી એવું દેખાઈ આવે છે કે પોપ બેનીડીક્ટ કેટલા બધા નમ્ર છે.આ તેમનું બલિદાન છે.તેઓ ચર્ચને કોઈ પણ રીતે સહન કરવું પડે તે માટે તેઓ તૈયાર નથી.સમય એવો છે કે રોજબરોજ અનેક વિકટ સમસ્યાઓ ઉભી થઈ રહી છે.

**સમાચાર સંપાદન**
**શ્રી સંજય પોલ ચૌહાણ**

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.**

http:// jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

હૈદાબાદમાં બોંબ બ્લાસ્ટ કરીને આતંક ફેલાવનારાઓના ખોફનો ભોગ કેટલાક નિર્દોષ લોકો બન્યા.જેમાં કેટલાકના મૃત્યુ થયા અને કેટલાક મોત સામે ઝઝુમી રહ્યા છે.હિંસા એ કોઈ પ્રશ્નનો ઉકેલ નથી.છતાં આ બાબત આતંક ફેલાવનારાઓની સમજમાં આવતી નથી.દેશની સલામતી કે રક્ષણ માટેની વ્યવસ્થા કરનારાઓ આતંકીઓના આતંકને રોકવા માટે કોઈ ઉપાય કારગત નિવડતા નથી.રાજકીય પક્ષો પોત પોતાની રોટલી શેકવામાંથી ઉંચા આવતા નથી. પરિણામે દેશની સામાન્ય જનતાને બધુ દુઃખ ઉઠાવવું પડે છે.

હવે એક માત્ર ઉપાય એ છે કે ન્યાય પ્રક્રિયાને ખુબજ ઝડપથી પુરી કરવી અને ગુનેગારોને ફાંસીને માંચડે ટીંગાવી દેવા.કોઈ રાજકારણ નહી.નિર્દોષ નાગરિકોના હિતને જોખમે ચઢાવે તે બધાને લટકાવ્યા સિવાય હવે કોઈ આરો નથી.એટલી લોકશાહીમાં તાકાત હોવી જોઈએ કે તેનો આદર કરતાં શીખે.

## મંતવ્ય

આજે આપણા શહેરો અને ગામડાઓમાં ઠેર ઠેર ગંદકીનું પ્રમાણ જોવા મળે છે. શહેરોમાં લોકો પ્લાસ્ટીકની થેલીઓ વાપરે છે,અને ગમે ત્યાં ફેકે છે.સાફ સફાઇ કરતી મ્યુની.તરફથી કચરાને અઠવાડીયાઓ સુધી સાફ કરવામાં આવતો નથી. પરિણામે આ ગંદકીથી દુર્ગંધ અને મચ્છરોનો ઉપદ્રવ વધે છે.સ્વચ્છતા એ પ્રભુતા જેવા વાક્યો લખેલા હોય છતાં લોકો સમજતા નથી અને ત્યાંજ કચરો કેફીને ગંદકી કરે છે.મચ્છરના ઉપદ્રવ અને તેનાથી ફેલાતા રોગોને કારણે લોકો માંદગી અને મૃત્યુને ભેટે છે.ખરાબ વાતાવરણની અસર અને મચ્છરોના ઉપદ્રવનો ભોગ વૃધ્ધો ઝડપથી બને છે.નાના શહેરોમાં સાફ સફાઇ કામદારો પગાર લઈને પણ કામ કરતા નથી હોતા તે જોવા મળે છે.પરંતુ આ બાબતે કોઈ જાગૃતિ આવતી નથી.

રાહુલ આર.ચૌહાણ. મુ. ગોલાણા.જી. ખંભાત

દેશની કોઈપણ નદીઓ પ્રદુષણ મુક્ત નથી.નદીઓના જળ પ્રદુષિત કરવામાં લોકોનો મોટો ફાળો છે.ધર્મના નામે અસંખ્ય લોકો કચરો નદીઓમાં પધરાવતા હોય છે. આ માટે ધાર્મિક આગેવાનોએ આગળ આવવું જોઈએ તેમણે લોકોને પુજા આદિ માટે વપરાયેલ સામગ્રીને નદીમાં પધરાવવાને બદલે બીજે યોગ્ય સ્થળે નાંખવી જોઈએ.અમદાવાદ ખાતે નદી ઉપર આવેલા પુલો ઉપર મ્યુની.કોરપો.પુજાની સામગ્રીને નદીમાં નહીં નાખતા ત્યાં રાખવામાં આવેલ પાત્રોમાં નાખવા માટે લોકોને જાહેર વિનંતી કરેલ છે.જેથી નદીનું જળ ચોખ્ખુ રાખી શકાય.આજુબાજુની ફેકટરીઓ ,ગટરો વિગેરેના પ્રદુષિત પાણી નદીના જળમાં ભેળવાય છે જેની સામે યોગ્ય કાર્યવાહી થતી નથી.નદીઓમાં ઠલવાતા પ્રદુષીત પાણીને કારણે સાબરમતી નદીના પટની આજુબાજુ કેટલાય કી.મી. ના વિસ્તારોમાં આવેલા કુવાઓમાંથી કલરીંગ પાણી આવે છે.જેનાથી અસંખ્ય લોકો ચામડી વિગેરેના રોગોથી પીડીત બન્યા છે.આ રોકવાની જવાબદારી કોની છે.જેઓ ગાંધીનગર બેઠા છે અને વિકાસની વાતો કરે છે તેમણે આ બાબતે ખાસ ધ્યાન દોરવાની જરુર છે.પરદેશી કંપનીઓને વિકાસમાં ભાગીદાર બનાવવી હોય તો આ નદીઓને પ્રદુષિત થતી અટકાવવી એ પહેલી ફરજ સરકારની છે.તેમજ લોકહિત માટે પણ તે કરવુ જરુરી છે. રાજેશ દેસાઈ,અમદાવાદ

## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી ,
વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન,<br>**જીવન સાહિત્ય ભંડાર,**<br>શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>**ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,**<br>શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર,<br>પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર,<br>નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન,<br>આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

## નવલકથા અને ફિલ્મ

ભારતમાં વિવાદાસ્પદ અને આંતરાષ્ટ્રીય સ્તરે સજજ દિગ્દર્શક તરીકે જાણીતાં દીપા મહેતાની નવી ફિલ્મ 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન' ઘણી રીતે ચર્ચામાં છે. સૌથી પહેલું કારણ:એ સલમાન રશ્દીની નવલકથા પર આધારિત છે. સલમાન રશ્દીની બહુ વખણાતી નવલકથાઓ સાહિત્યપ્રેમી દેખાવા વાંચવી પડે, પણ એ પૂરી કરી શકાતી નથી-એવું માનનારો એક વર્ગ છે. એ વર્ગ પણ આઝાદ ભારતમાં જન્મેલ ા લોકો અને એ સમયન ભારત વિશેની નવલકથા 'મિડનાઈટ્સ ચિલ ્ડ્રન' ના પ્રેમી છે. ભારતીય લેખકો દ્વારા લખાતા અંગ્રેજી સાહિત્યમાં એ કથા મોખરાનું સ્થાન ધરાવે છે.

આટલી પ્રતિષ્ઠિત કૃતિ પરથી ફિલ્મ બને ત્યારે બંને પક્ષોનું- ફિલ્મ બનાવનારનું અને નવલકથા લખનારનું-બ્લડપ્રેશર વધી જાય એ સ્વાભાવિક ગણાય. બંને માધ્યમ જુદાં હોય અને દશ્યમાં લખાતા શબ્દ જેટલો જાદુ ન સમાઈ શકે, એ સ્વીકૃત બાબત હોય ત્યારે 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન' પરથી ફિલ્મ બનાવવી એ મોટો પડકાર ગણાય. દીપા મહેતા એ પડકાર ઉપાડી શક્યાં એનું ક કારણ રશ્દી સાથેની તેમની મિત્રાચારી અને એથી મોટું કારણ તેમની ઊંડી સમજ. રશ્દીએ આ નવલકથા પરથી ફિલ્મ બનાવવાના હક ફક્ત એક ડોલરમાં દીપા મહેતાને આપ્યા. પરંતુ, એ બંનેએ પહેલાં ફિલ્મમાં કથાપ્રવાહ કેવો હોવો જોઈએ એ અંગે પોતપોતાની રીતે લેસન કર્યું. ત્યાર પછી બંને જણે પોતપોતાનાં લેસન સરખાવ્યાં ત્યારે તેમાં ખાસ ફરક નહોતો. ફિલ્મની સ્ક્રીપ્ટ પણ સલમાન રશ્દીએ પોતે લખી એ બીજી ખાસ વાત ગણાય. બાકી, મોટા ભાગના લેખકો - નવલકથાકારો પોતાની વાર્તા પરથી ફિલ્મ બનાવવાનો હક તો આપી દે, પણ એથી આગળના તબક્કે તેમને સંકળાવું ફાવતું કે ગમતું નથી.

દિગ્દર્શક સજજ હોય તો માધ્યમ બદલાવાને કારણે કરવા પડતા ફેરફાર તે અચૂક કરે - અને તેનાથી લેખક નારાજ થઈ શકે. દિગ્દર્શક મસાલાપ્રેમી હોય તો પારો અને ચંદ્રમુખી મૂળ કથામાં એક વાર પણ ભેગાં ન થતાં હોય, છતાં તે 'દેવદાસ'ની નવી આવૃત્તિના નામે પારો અને ચંદ્રમુખીને સાથે નચાવી પણ શકે. 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન' માં આ બેમાંથી એકેય પ્રકારની સ્થિતિ ન સર્જાઈ. નવલકથાલેખક પોતે જ મન કઠણ કરીને પોતાની નવલકથામાંથી કાટછાંટ - ફેરફાર કરીને દિગ્દર્શકની જરૂરિયાત પ્રમાણેની પટકથા લખી આપે તે આદર્શ સ્થિતિ સલમાન રશ્દી અને દીપા મહેતાના કિસ્સામાં બની. એટલે જ, ફિલ્મ સફળતાપૂર્વક અને બંનેને સંતોષ થાય તેવી બની, ત્યારે દીપા મહેતા કરતાં પણ વધારે આનંદ સલમાન રશ્દીને થયો હશે. એ તેમણે 'વી હેવ ડન ઈટ' જેવા ઉદ્ગાર દ્વારા વ્યક્ત કર્યો.

ફિલ્મ ચર્ચામાં હોવાનું સૌથી પહેલું કારણ અલબત્ત સલમાન રશ્દીનું નામ હતું. મુસ્લિમ કટ્ટરવાદીઓના મોતના ફતવાથી બચવા માટે જોસેફ અન્ટન તરીકે અજ્ઞાતવાસમાં વર્ષો ગુજારનાર સલમાન રશ્દી ભારતના રાજકારણીઓ માટે હાથવગો મુદ્દો છે. તેમની 'સેતાનિક વર્સીસ' પર પહેલો પ્રતિબંધ મુકનાર દેશ પણ ભારત હતો. તેમને જયપુર સાહિત્ય સમારંભમાં ન આવવાની સલાહ પણ ગયા વર્ષે ભારતની સરકારે આપી હતી અને આ વર્ષે કોલકતામાં ફિલ્મના પ્રચારપ્રસાર માટે ન જવાની 'મૈત્રીપૂર્ણ' સલાહ તેમને બંગાળની રાજ્ય સરકાર તરફથી આપવામાં આવી.

આવા લેખકની નવલકથા પરથી ફિલ્મ બનાવવાનું કામ ભારતમાં તો ચાલે જ નહિ.અટલે દીપા મહેતાએ શ્રીલંકામાં ભારતનાં દશ્યોનું શૂટિંગ કર્યું. ત્યાં પણ ઈરાનની સરકારે રાજદ્વારી રોડાં નાખવા પ્રયાસ કર્યો હતો. આખરે ફિલ્મ બની રહી અને રશ્દી કશા ઉહાપોહ વગર ભારતમાં આવ્યા ત્યારે બંગાળની સરકારે તેમને કોલકતા આવતા રોકીને અસહિષ્ણુતાની પરંપરા આગળ વધારી.

'અરધી રાત્રે આઝાદી' ના સંદર્ભ પરથી 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન' જેવું મથાળું ધરાવતી આ કથા અને તેના પરથી બનેલી ફિલ્મ ભારતમાં ઈંદિરા ગાંધી સાથે સામ્ય ધરાવતું એક પાત્ર રાખવા કે એ પ્રકારનાં બીજાં સામ્યો બદલ હજુ સુધી કોઈની લાગણી દુભાયાના સમાચાર અઠવાડિયાની શરૂઆત સુધી તો આવ્યા ન હતા. 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન' અને 'લાઈફ ઓફ પાઈ' જેવી 'અનફિલ્મેબલ' - જેની પરથી ફિલ્મ બનાવવાનું કાઠું પડે એવી - ફિલ્મોની સફળતાથી નવલકથા અને ફિલ્મ એ બે ક્ષેત્રોનો આંતરસંબંધ વધુ ગાઢ બન્યો છે. (સૌઃ ગુ.સ.)

## પ્રાર્થના -વિનંતી



નવક્રાંતિના તંત્રીશ્રી રોબિન ધોળકીયાના સ્વાસ્થ માટે પ્રાર્થના વિનંતી કરવામાં આવે છે. આપની અંગત અને કૌટુંબિક પ્રાર્થનાઓમાં તેમને ઝડપથી તંદુરસ્તી મળે માટે પ્રાર્થના વિનંતી કરવામાં આવે છે.આભાર !


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬


### આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન,
શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,
કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ
આપના લવાજમો તેમનો આપી આભારી કરશો.

અનુ.પાન નં.૪ નું ચાલું

ક્રિશ્ચિયન ડેમોક્રેટીક પાર્ટી નામના પક્ષે ' કાદલ' ફિલ્મના વિરોધની આગેવાની લીધી છે. તેમણે ચેન્નાઈના પોલીસ કમિશ્નરને મળીને આ ફિલ્મનું પ્રદર્શન અટકાવવાની માગણી કરી છે.

ઈ.સ. ૧૯૭૭માં ભારતમાં કટોકટીની પરિસ્થિતિ ચાલી રહી હતી ત્યારે મનમોહન દેસાઈની યાદગાર ફિલ્મ 'અમર, અકબર, એન્થની' રીલીઝ થઈ હતી. આ ફિલ્મમાં જન્મથી જુદા પડી ગયેલા ત્રણ ભાઈઓની કથા હતી. એક ભાઈને હિંદુ પરિવાર દત્તક લે છે અને તેનું નામ અમર પાડે છે, બીજા ભાઈને મુસ્લિમ પરિવાર અકબર તરીકે ઉછેરે છે અને ત્રીજો ભાઈ ખ્રિસ્તી પરિવારમાં મોટો થઈને એન્થની બને છે. ફિલ્મમા બનતી અનેક નાટ્યાત્મક ઘટનાઓને અંતે આ ત્રણેય ભાઈઓ એકઠા થાય છે અને ખાઈ-પીને મોજ કરે છે. આ ફિલ્મમાં ત્રણેય ધર્મના લોકોની ધાર્મિક લાગણીઓ દુભાઈ જાય તેવો ઘણો મસાલો હતો, પણ તમામ ધર્મોના લોકોએ તેનો સાર ગ્રહણ કરીને તેની મજા માણી હતી. આજે જમાનો બદલાઈ ગયો છે. રાજકારણીઓના પ્રભાવને કારણે કલાની કદર કરવાને બદલે તેમાંથી પરપોટા શોધીને તેના વડે ધાર્મિક લાગણીઓ ઉશ્કેરવાના પ્રયાસો કરવામાં આવે છે. જો આજના સમયમાં 'અમર, અકબર, એન્થની' જેવી ફિલ્મ રીલીઝ થઈ હોત તો તેના હાલ પણ 'વિશ્વરૂપમ' કે 'કાદલ' જેવા જ થયા હોત.

(સૌ:દિ.ભા.)

## પ્રતિનિધિ નિમવાના છે

જીલ્લા અને તાલુકાવાર પ્રતિનિધિઓની નિમણુંક કરવાની છે.આપના વિસ્તારના સમાચારો એકઠા કરી,નવા ગ્રાહકો ઉભા કરી લવાજમો ઉઘરાવી શકો તેમ છો, તેમજ સાપ્તાહિક માટે જાહેર ખબરો લાવી આપી શકો તેમ છો.તો આપની કામગીરી માટે આપને યોગ્ય કમિશનના ધોરણે નિમણુંક આપવામાં આવશે.તમારી સંપુર્ણ વિગતો સહીત નીચેના સરનામા પર સંપર્ક કરો યા લખો.

**તંત્રી,નવક્રાન્તિ સાપ્તાહીક,**
૨/૧૦, સોનીયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ, નારાયણનગર,
અમદાવાદ૩૮૦ ૦૦૭
મો.૯૮૨૫૧-૬૯૩૮૬

# એગ્લીકન નેતાઓએ પોપને મહાન ધર્મશાસ્ત્રી તરીકે ગણાવ્યા

આર્ચબિશપ ઓફ કેન્ટબરી,રેવ. જસ્ટીન બેલબીએ પોપ બેનીડીક્ટ ના રાજીનામાં સમાચારથી આઘાત અનુભવ્યો હતો.તેમણે કહ્યું હતું કે ૮૫ વર્ષના પોપ જેમણે તેમના પદભાર ભારે હિંમત,ગૌરવ અને સમજદારી પુર્વક નિભાવ્યો હતો.હું ઈશ્વરને પ્રાર્થના કરુ છું કે તેમના રીટાર્ડમેન્ટમાં ઈશ્વર તેઓને સારી તંદુરસ્તી,તેમજ હૃદયની અને માનસિક શાંતિ આપો.તેમજ આપણે પવિત્ર આત્માને વિનંતી કરીએ કે તેઓ પોપના ઉત્તરાધિકારીને નક્કી કરવામાં જે લોકોએ આ કાર્ય કરવાનું છે તેમને મદદ કરે.

આર્ચબિશપ,યોર્ક, ડો. જોન સેન્ટામુએ જણાવ્યું હતું કે ખ્રિસ્તી વિશ્વએ એક મહાન ધર્મશાસ્ત્રી અને એક મહાન આત્મિક ઉંડાણ ધરાવતો વ્યક્તિ ગુમાવ્યો છે.આપણે તેમને એટલે કે પોપ બેનીડીક્ટને તેમના કાર્ય માટે યાદ રાખીશું તેમજ તેમણે સેટં પીટરના સાચા અનુયાયી તરીકે ઈશ્વરના કાર્યને રજુ કર્યુ છે તે આપણને યાદ રહેશે.તેઓ હંમેશા સુવાર્તા પ્રચાર માટે કોઈપણ પ્રકારની બીક ધરાવતા નહોતા.તેમણે કોઈપણ પડકારને ઉપાડ્યો હતો.અને તેમણે ઈશ્વરની સામે આપણી નજર ઉંચી કરવા હંમેશા પ્રયત્ન કર્યો હતો.આવો આપણે સહુ મળીને ઈશ્વર તરફ આપણી આંખો ઉંચી કરીએ અને તેમનો પ્રેમ અને તેમની સહિષ્ણુતા સમગ્ર વિશ્વમાં પ્રગટાવીએ.

## જાણવા જેવું !

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.
નાઈલ નદી ૬૬૭૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.
જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.
વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડરની શોધ ૧૯૫૬મા થઈ હતી.
મનુષ્યની ત્વચામાં આશરે ૨૫૦૦૦ છિદ્રો હોય છે.
વાઈબ્રેટરનો પહેલવહેલો ઉપયોગ હીસ્ટીરીયાના દર્દીઓના ઈલાજ માટે થતો હતો.

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

### નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

**માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)**

૧.પ્રકાશન સ્થળ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૨.પ્રકાશનની સામાયિકતા : સાપ્તાહિક
૩.માલિક,મુદ્રક,પ્રકાશક : રોબિન જે. ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭
૪.તંત્રીનુ નામ : રોબિન જે.ધોળકીયા
નાગરીકતા : ભારતીય
સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૨-૩-૨૦૧૩ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક અને તંત્રી.

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૪)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | સ્થિતિ માસિક આવક | મિશન | |
|---|---|---|---|---|---|
| ૨૫૯ | બી.સી.એ | ૦૭-૧૦-૮૭ | ૧૫૦૦૦ | મેથો | કુંવારા |
| ૨૬૦ | બીએ,જીએનએમ ૩ ૧/૨ કોર્ષ | ૨૦-૦૭-૯૫ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૧ | એમબીબીએસ, એમડી ચાલુ | ૧૪-૦૮-૮૬ | ૨૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૨ | જીએનએમ.કોમ્પ્યુટર | ૦૮-૦૨-૮૮ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૬૩ | બી.એસ.સી.(અમેરીકા) | ૨૭-૦૪-૮૭ | ૪૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૬ | જીએનએમ | ૨૪-૦૭-૮૬ | ૧૨૫૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૬૭ | એમએસસી(એગ્રી)હોર્ટીકલ્ચર(ઓસ્ટ્રેલીયા) | ૦૫-૦૭૮૧ | ૫૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૬૮ | એમ.સી.એ. ચાલું | ૦૭-૦૯-૮૯ | ૫૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૯ | બીઈ (એન્જી.)કોમ્પ્યુ.સાયંસ,એમ.એસ.અમેરીકા | ૧૩-૦૮-૮૫ | - | સીએનઆઈ | કુંવારા |
| ૫૪૫ | એસવાયબીએ,આઈટીઆઈ | ૦૩-૦૮-૭૪ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૬ | બીકોમ,પીજીડીએમ,કોમ્પ્યુ.ટેલી,મરઘાઉછેરતાલીમ | ૦૭-૧૧-૮૩ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૮ | ૧૦પાસ | ૧૮-૦૮-૮૨ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૪૯ | બીએ.સેનેટરી ઈન્સપેકટર મુંબઈ યુની. | ૨૦-૦૨-૮૪ | ૫૨૦૦ | સીએનઆઈ | કુંવારા |
| ૫૫૦ | કોમર્સ ગ્રેજ્યુએટ | ૧૦-૧૧-૭૬ | ૨૩૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૧ | ૧૦પાસ, આઈટીઆઈ | ૧૨-૧૦-૮૮ | ૫૮૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૨ | પીટીસી,બીએએમએ,બીએડ,(ઈગ્લીસ)ટેટપાસ | ૦૭-૦૬-૮૫ | ૧૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૩ | એમએ.એમએડ. ટાટ પાસ | ૦૧-૦૫-૭૯ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૪ | ૧૦ પાસ.આઈટીઆઈ | ૧૩-૦૩-૭૯ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૫ | ૧૨ પાસ,અંગ્રેજી સાથે | ૧૮-૦૩-૮૩ | ૬૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૫૫૬ | બીકોમ,આઈટીઆઈ ઈલેકટ્રીશયન | ૧૨-૦૪-૮૬ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૭ | ડીપ્લો.ઈલેક્ટ્રીક એન્જી. | ૧૨-૦૫-૭૪ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૮ | પીટીસી.ડીપ્લો.મીકે.૧ સેમે.બીએ ૨ વર્ષ ચાલુ | ૩૦-૦૫-૮૪ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૫૯ | ૧૦ નાપાસ | ૨૨-૦૫-૮૧ | ૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૦ | ૧૦પાસ,ફુડ એન્ડ બેવરેજ કોર્ષ.ગર્વ. | ૦૬-૦૮-૭૯ | ૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૫૮ | પીએચડી | ૧૭-૦૯-૬૭ | ૫૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૬૫ | ૧૨ સાયંસ,આઈટીઆઈ ડ્રાફટ.મીકે.ન્યુઝીલેન્ડ | ૧૨-૦૯-૭૬ | ૨૦૦૦ડોલર | આર.સી. | છુટાછેડા |
| ૨૭૦ | એમએસસી.અંગ્રેજી માધ્યમ | ૧૯-૦૩-૮૧ | ૩૫૦૦૦ | સા.આર્મી | છુટાછેડા |
| ૨૭૧ | એમ.કોમ.(ફાઈનાન્સ)પીજીડીબીડી(લંડન) | ૦૭-૧૦-૮૩ | ૨૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૨૪) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫૭ | બીપીએન.નર્સીંગ | ૨૧-૧૦-૮૮ | ૭૫૦૦ | સા.આર્મી | કુંવારા |
| ૨૫૯ | બીએસસી નર્સીંગ | ૨૪-૩-૮૯ | ૧૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૬૧ | જીએનએમ નર્સીંગ મીડવાઈફ | ૨૬-૪-૮૪ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૬૨ | એમએસડબલ્યુ,એલએલબી ચાલુ લંડન રીટર્ન | ૨૫-૯-૮૫ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૩ | બીફાર્મ.પીટીસી,અભ્યાસઅર્થે કેનેડા | ૨૪-૮-૮૫ | ૧૫૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૨૬૪ | બીકોમ.એમબીએ ચાલુ | ૨૨-૧૧- | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૬ | જીએનએમ નર્સીંગ | ૧૭-૭-૮૭ | ૯૫૦૦ | મેથો. | કુંવારા |
| ૨૬૮ | બીઈ,આઈટી એન્જી. | ૧૩-૧-૮૮ | ૨૮૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૬૯ | જીએનએમ નર્સીંગ | ૫-૧૦-૮૪ | ૭૭૦૦ | મેથો. | કુંવારા |
| ૨૭૧ | એમએસસી નર્સીંગ ચાલું લંડન | ૧-૨-૮૮ | ૧૦૦૦પાઉ. | મેથો. | કુંવારા |
| ૨૭૩ | જીએનએમ નર્સીંગ | ૨૫-૨-૮૭ | ૭૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૦ | બીએ. પીટીસી | ૨૧-૬-૮૪ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૬૧ | એમ.એ.બી.એડ. | ૧૮-૮-૮૫ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૨ | ૧૦ ફેઈલ.,વિકલાંગ | ૮-૧૦-૯૦ | - | સીએનઆઈ | કુંવારા |
| ૩૬૩ | એમએ,ડીપીએડ,લાય.સાયંસ,પીજીડીસીએ | ૨૩-૯-૭૬ | ૨૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૪ | બીએ.નર્સરી ટ્રેનીંગ,ડીપ્લો.લાય.સાયંસ | ૧૬-૮-૭૬ | ૧૦૦૦૦ | આર.સી. | કુવારા |
| ૩૬૫ | એમએ,બીએડ. પીએચડી(ચાલું)મ્યુઝીક | ૩-૯-૬૬ | ૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૬ | એમ.એ બીએડ. | ૧-૭-૮૦ | - | આઈ.પી. | કુંવારા |
| ૩૬૭ | ૧૨પાસ,કોમ્પ્યુ.(સીઓપીએ)સેક્રટરી કોર્ષ,કોલેજચાલુ | ૧-૨-૯૦ | - | આર.સી. | કુંવારા |
| ૩૬૮ | બીએ.બીએડ.(ઈગ્લીસ વિષય) | ૩-૧૦-૮૧ | ૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૬૯ | બીએ.હિન્દી.સિવણ,બ્યુટીપાર્લર,પ્રીપીટીસી | ૧-૮-૭૦ | ૩૫૦૦ | મેથો. | કુંવારા |
| ૩૭૦ | બીએસસી.એમબીએ(એચ.આર) | ૮-૧૨-૮૫ | ૧૪૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૬૦ | બીએ. | ૪-૧૧-૭૪ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૨૬૧ | બીએ,તથા વિદેશના અન્યકોર્ષ અમેરીકા | ૨-૨-૭૯ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૨૭૦ | ૧૨પાસ નર્સીંગ,ચિલ્ડ્રન હોસ્પી.બેવર્ષ કોર્ષ | ૯-૨-૭૫ | ૬૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૯૧ | પીટીસી એમએ | ૫-૯-૭૮ | ૨૦૦૦૦ | મેથો. | છુટાછેડા |

## ★ ઇન્ટરનેશનલ શાલેમ મેરેજ બ્યુરો ★

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**
**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**
તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે .
(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે. (૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.
(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.
(૫)visit by appointment only. E.mail : Shalemmburo@gmail.com

# મલયાલય ફિલ્મ રોમન્સની સામે કેથલીક યુથનો વિરોધ




બે ગુનેગારોને દર્શાવતી એક કોમેડી ફિલ્મ રોમનની સામે ચર્ચોએ વિરોધ નોધાવ્યો હતો.ગત સપ્તાહમાં આ ફિલ્મ રીલીઝ કરવામાં આવી હતી.

કોટ્ટાયમ ડીસ્ટ્રીક કેરાલાના કેથોલીક યુથ લીડરે જણાવ્યા પ્રમાણે તેઓએ આ ફિલ્મ સામે કોર્ટમાં કેસ કર્યો છે.બે એક્ટર,ડાયરેકટર, પ્રોડ્યુસર અને સ્ક્રીન રાઈટરના નામ કેસમાં દાખલ કરવામાં આવ્યા છે.

બે ગુનેગારો કેથોલીક પ્રીસ્ટના લિબાશમાં દેખાડવામાં આવ્યા છે.જેથી તેની સામે બદનક્ષીનો કેસ કરવામાં આવ્યો છે.પીટીશનર બોબન ટી.થક્કલના જણાવ્યા પ્રમાણે ફિલ્મે તેમની ધાર્મિક લાગણીઓને દુભાવી છે.તમને વાણી સ્વાતંત્રતા કે અભિવ્યક્તિની સ્વતંત્રતા આપવામાં આવી છે તેમાં પણ મર્યાદા છે જે અહીયા ઓળંગવામાં આવી છે.તેથી તેને અમે સ્વીકારી શકીએ નહી.

બે ગુનેગારો પોલીસ કસ્ટડીમાંથી ભાગી જાય છે અને પ્રીસ્ટના લિબાશમાં જે ગામમાં તેઓ જાય છે ત્યાં તેમનું સ્વાગત થાય છે.લોકો ગુનેગારોને સાચા પ્રિસ્ટ માની બેસે છે.

ફિલ્મ બનાવનારાઓને જો તેમની સામે કેસ પુરવાર થાય તો નવ વર્ષની સજા થઈ શકે છે.ચર્ચ જો કે આ કેસમાં સામેલ નથી. તેવું ફાધર મની પુથીઈડોમ, જેઓ ચન્ગંનએસરી આર્ચ ડાયોસીસના પ્રવક્તા છે તેમણે જણાવ્યું હતું.અમો ફિલ્મ બાબતે કોઈ વિવાદ ઉભો થાય તેમ ઈચ્છતા નથી. તેથી અમો તેને ઈગ્નોર કર્યો છે.જોમી થોમસ, એક કેથોલીક વ્યક્તિ જેમણે આ ફિલ્મ જોઈ છે તેમણે કહ્યુ હતું કે ચર્ચે આ વિષયને છોડી દઈને સારુ કર્યું છે.આ ફિલમમાં કામ કરનાર એક અભિનેતા કેથોલીકમાંથી આવે છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર

**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


### માનસિકતાને બદલો !

દિલ્હીમાં ૧૬મી ડીસેમ્બરના રોજ થયેલા ક્રુર સામૂહિક દુષ્કર્મ બાદ મહિલાઓને યૌન હુમલાથી બચાવવા માટે સમાજમાં આવેલી નવી જાગૃતિનાં સારાં પરિણામ જોવા મળ્યાં છે. જસ્ટિસ વર્મા કમિટિએ તેના ઉપાયો પર અમલીકરણની એક વિગતવાર યાદી સરકાર અને સમાજ સામે મૂકી છે. સરકારે તેમાંની અનેક ભલામણો પર અમલીકરણની શરૂઆત પણ કરી દીધી છે. તેમ છતાં માત્ર વહીવટી કે કાયદાલક્ષી પગલાંથી મહિલાઓ સલામત બની જશે તેવી આશા આધારવિહોણી છે. કેમ કે આ સમસ્યાનાં મૂળિયાં ઘણાં ઊંડાં છે. દુષ્કર્મ કે યૌન ઉત્પીડન તેનો માત્ર એક પક્ષ છે. મુદ્દો એ છે કે જન્મથી પહેલાં છોકરીના જીવનું જોખમ હોય છે. જન્મ બાદ પમ પરિવારમાં તેને બીજો દરજજો આપવામાં આવે છે અને ત્યાર બાદ તેને જીવન દરમ્યાન જે અત્યાચારોનો સામનો કરવો પડે છે, તેનાથી માત્ર વહીવટી ઉપાયથી મુક્તિ અપાવી શકાય નહિ. આ મુદ્દે જ્યારે આપણે ધ્યાનથી વિચારીએ છીએ ત્યારે એક જ નિષ્કર્ષ પર પહોંચીએ છીએ કે, ખામી કાયદામાં નહિ પરંતુ તેના અમલીકરણમાં છે. અમલ એટલા માટે થતો નથી, કેમ કે મહિલાઓ પર અત્યાચારને ક્યાંકને ક્યાંક સામાજિક માન્યતા મળતી રહે છે. મહિલાઓની સલામતીનો પડકાર કેટલો મોટો છે, તેનો એક અંદાજ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડઝ બ્યૂરોના આંકડાથી જોવા મળે છે. આ વાસ્તવિકતા કોઈ પણ લાગણીશીલ વ્યક્તિને ચિંતિત કરી શકે છે. વર્ષ ૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧માં કન્યા ભ્રૂણ હત્યાના ક્રમશઃ માત્ર ૧૨૩, ૧૧૧ અને ૧૩૨ કેસ જ નોંધાયા છે, જ્યારે વાસ્તવિકતા એ છે કે આ અપરાધ ઝડપથી આગળ વધ્યો છે. પરિણામસ્વરૂપે, ૨૦૦૧માં છ વર્ષથી ઓછી ઉંમરની દર ૧૦૦૦ છોકરાઓની સામે છોકરીઓની સંખ્યા ૯૨૭ હતી, જ્યારે ૨૦૧૧માં આ સંખ્યા ૯૧૪ થઈ ગઈ છે. તેમ છતાં કન્યા ભ્રૂણહત્યા અટકાવવામાં કેસની સંખ્યા વધી નથી. એટલે એટલું તો પાકું છે કે આ અપરાધમાં સમાજનો એક મોટો વર્ગ સામેલ છે. એ પણ વાસ્તવિકતા છે કે દુષ્કર્મ હોય કે કામકાજના સ્થળે છેડતી કે પછી ઘરેલુ હિંસા, તેનો ભોગ બનેલી મોટાભાગની મહિલાઓ સામાજિક કે આર્થિક મદદના અભાવમાં સંબંધિત કાયદાનો લાભ લઈ શકતી નથી. સમસ્યાનું સમાધાન સજાની સખત જોગવાઈમાં નહિ, પરંતુ આપણા સૌની માનસિકતામાં છુપાયેલું છે. (સૌઃગુ.સ.)




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


### હવે મણિરત્નમ્‌ની ફિલ્મ ‘ કાદલ’નો વિવાદ

એક બાજુ ફિલ્મસર્જકો, ગાયકો, સંગીતકારો, સમાજશાસ્ત્રીઓ, લેખકો અને પત્રકારો અને બીજી બાજુ ધર્મના ઝંડાધારીઓ વચ્ચે આજકાલ છત્રીસનો આંકડો ચાલી રહ્યો છે. તામિલનાડુના મુસ્લિમોએ કમલ હાસનની ‘વિશ્વરૂપમ્’ ફિલ્મનો વિરોધ કર્યો હતો અને વિવાદ થયો તેમાં રાજકારણ પણ ભળ્યું હતું. આ વિવાદ માંડ શાંત થયો છે ત્યાં પ્રતિભાશાળી સર્જક મણિરત્નમ્‌ની ‘ કાદલ’ ફિલ્મ ખ્રિસ્તીઓના વિરોધનો સામનો કરી રહી છે. તામિલનાડુની એક ખ્રિસ્તી સંસ્થાએ આક્ષેપ કર્યો છે કે આ ફિલ્મમાં ખ્રિસ્તી ધર્મગુરુઓને ખરાબ ચિતરવામાં આવ્યા છે.

તેમણે આ ફિલ્મમાંથી ઓછામાં ઓછાં સાત દશ્યો ઉપર કાતર મૂકવાની માગણી સરકાર સમક્ષ કરી છે. તામિળ ભાષામાં ‘ કાદલ’નો અર્થ ‘સમુદ્ર’ થાય છે. મણિરત્નમ્‌ની ત્રણ વર્ષ અગાઉ આવેલી ફિલ્મ ‘રાવન’માં આધુનિક રામ અને રાવણ વચ્ચેનો સંઘર્ષ દર્શાવવામાં આવ્યો હતો, જેનાં પાત્રો હિંદુઓ હતાં. ‘ કાદલ’ ફિલ્મમાં પણ સૃષ્ટિનાં શુભ અને અશુભ તત્ત્વો વચ્ચેનો સંઘર્ષ બતાવવામાં આવ્યો છે, પણ તેનાં મુખ્ય પાત્રો ખ્રિસ્તી છે.

હિંદી ફિલ્મોના ચાહકો મણિરત્નમ્‌ને તેમની ‘રોઝા’ અને ‘બોમ્બે’ જેવી યાદગાર ફિલ્મોથી જાણે છે. દ.ભારતના દર્શકો તેમને નાયગન, થલપથી, અલયપુથી, ઈરુવર અને અંજલિ જેવી ફિલ્મોના કારણે જાણે છે. મણિરત્નમ્‌ને ભારતના સ્ટીવન સ્પીલબર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે. ‘ કાદલ’ ફિલ્મમાં બાઈબલમાં વર્ણવ્યા મુજબનો ઈશ્વર અને શેતાન વચ્ચેનો સંઘર્ષ વર્ણવામાં આવ્યો છે, જેને ખ્રિસ્તીઓ હજમ કરી શક્યા નથી.

‘ કાદલ’ ફિલ્મની કથા તામિલનાડુના તુતિકોરીન જિલ્લામાં આવેલાં ખ્રિસ્તી માછીમારોના ગામમાં આકાર ધારણ કરે છે. ફિલ્મનો હીરો થોમસ છે, જેની માતા બાળપણમાં જ મરણ પામી છે. થોમસને મૃત્યુ એટલે શું તેની જાણ જ નહોતી. તેની માતાના મૃતદેહને જ્યારે રેતીમાં દફનાવી દેવામાં આવે છે ત્યારે તે મૂંઝાઈ જાય છે અને રોષે ભરાય છે. થોમસ એક નિર્દોષ બાળકમાંથી સ્વાર્થી સમાજમાં જીવવાને લાયક કઠોર પુરુષ કેવી રીતે બને છે, તેનું કલાત્મક નિરૂપણ મણિરત્નમે આ ફિલ્મમાં કર્યું છે. બાળકના વિકાસની પ્રક્રિયામાં સારાં અને નરસાં નિમિત્તો કેવી ભૂમિકા ભજવતાં હોય છે તેનું ચિત્રણ કરીને મણિરત્નમે ઈશ્વર અને શેતાન વચ્ચેનો ફરક દેખાડવાની કોશિશ કરી છે.

ખ્રિસ્તીઓને કદાચ ‘ કાદલ’ ફિલ્મમાં ખ્રિસ્તી કોન્વેન્ટમાં બનતી દેખાડેલી ઘટનાઓ સામે વાંધો હોય તેવું બની શકે છે. આ કોન્વેન્ટમાં ભણતો એક વિદ્યાર્થી કોઈ યુવતી સાથે વ્યભિચાર કરતો દેખાડવામાં આવે છે. તેની સાથે ભણતો બીજો વિદ્યાર્થી આ દશ્ય જોઈ જાય છે. તેની ફરિયાદને પગલે પેલાની કોન્વેન્ટમાંથી હકાલપટ્ટી કરવામાં આવે છે. આ જોઈ ફરિયાદ કરનારા વિદ્યાર્થીને પસ્તાવો થાય છે. અનાથ બની ગયેલા થોમસને આ કોન્વેન્ટમાં દાખલ કરવામાં આવ્યો છે. અહીં રહીને જ તે બિટ્રાઈસ નામની યુવતીના પ્રેમમાં પડે છે. ‘ કાદલ’ ફિલ્મમાં ખ્રિસ્તતીઓના જીવનમાં બનતી અનેક ઘટનાઓને બારીકાઈથી વણી લેવામાં આવી છે, જે વિવાદનું કારણ બને છે. ‘રોજા’ અને ‘બોમ્બે’ જેવી મણિરત્નમ્‌ની ફિલ્મોનો હીરો અરવિંદ સ્વામી આ ફિલ્મ દ્વારા પુનરાગમન કરે છે. આ ફિલ્મમાં વિલનનું અથવા શેતાનનું પાત્ર અર્જુન ભજવે છે. આ હીરો-વિલનના સંઘર્ષ વચ્ચે થોમસ અને બીટ્રાઈસ વચ્ચેની પ્રણયકથા સમુદ્રની પાર્શ્વભૂમિમાં આગળ વધે છે. ઈ.સ. ૧૯૮૧માં આવેલી એક તામિળ ફિલ્મમાં કાર્તિક અને રાધા નામની જોડીને હિંદુ યુવાન અને ખ્રિસ્તી યુવતી વચ્ચેની પ્રણયકથા તરીકે લોન્ચ કરવામાં આવી હતી. ‘ કાદલ’ ફિલ્મમાં થોમસનું પાત્ર કાર્તિકનો પુત્ર ગૌતમ ભજવે છે તો બીટ્રાઈસનું પાત્ર રાધાની પુત્રી તુલસી નાયર ભજવે છે.

‘ કાદલ’ ફિલ્મમાં મુખ્ય પાત્ર અરવિંદ સ્વામીને એક ખ્રિસ્તી ધર્મગુરુની ભૂમિકામાં બતાવવામાં આવે છે. તામિલનાડુના ખ્રિસ્તીઓને લાગે છે કે તેમના પાદરી જે ન કરે તેવાં કાર્યો મણિરત્નમ્‌ની ફિલ્મમાં ફાધર પાસે કરાવવામાં આવ્યાં છે. ‘ કાદલ’ ફિલ્મમાં અંતે તો ઈશ્વરની મહાનતા જ પુરવાર કરવામાં આવી છે, પણ આ પ્રક્રિયામાં સંસારની જે કેટલીક વાસ્તવિકતાઓ દર્શાવવામાં આવી છે તેની સામે ખ્રિસ્તીઓનો વિરોધ છે.

તામિલનાડુના રાજકારણમાં મુસ્લિમોનું જેટલું પ્રભુત્વ છે, એટલું ખ્રિસ્તીઓનું નથી. જો મુ.પ્રધાન જયલલિતાને ખ્રિસ્તીઓના મતોની એટલી ચિંતા હોત તો તેમણે કુંદાલમમાં આકાર ધારણ કરી રહેલા અણુ મથકને ક્યારનુંય અટકાવી દીધું હોત, જેની સામે મુખ્ય વિરોધ તુતિકોરીનના ખ્રિસ્તી ચર્ચ દ્વારા જ થઈ રહ્યો છે. ઈન્ડીયન

અનુ પાન નં. ૨ ઉપર

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.